## વાત ગાંધીનગરની

સોમવારની ઉચાટભરી રાત બાદ રથયાત્રા પર્વ હેમખેમ પસાર થતા રાજ્ય સરકાર અને પોલીસતંત્રએ રાહત અનુભવી હતી.

**● સચિવાલયમાં કોરોનાની સીધી અસર**

અનલોક-૧ ના આરંભથી સચિવાલય અને સંલગ્ન કચેરીઓ સંપૂર્ણ સ્વરૂપે કાર્યરત બની છે. પરંતુ હજુ કર્મયોગીઓમાં ગભરાટ યથાવત છે. સચિવાલયના ચાર-પાંચ અધિકારીઓ-કર્મચારીઓ કોરોના સંક્રમિત થતાં સૌમાં ફફડાટ તો છે જ. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોના સંક્રમણને પગલે સૌના મનમાં ઉચાટ દેખાય છે. કેટલીક કચેરીઓમાં હાજરી ઉપર અસર છે તો કેટલીક કચેરીઓમાં કાર્ય ઉપર અસર છે અને લગભગ બધે જ મુલાકાતીઓ પર અસર તો છે જ. આમ કોરોનાનો કહેર વ્યાપક બનતો જાય છે.

**● મુખ્યમંત્રી મુડમાં નથી દેખાતા**

રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી છેલ્લા બે-ચાર દિવસથી મુડમાં ન હોય તેવુ લાગી રહ્યું છે. તેઓ સતત કાર્યરત હોય છે. વહીવટ અને રાજકીય મોરચે ખુબ જ અસરકારક રીતે લડી રહ્યા છે એ સ્વીકારવુ પડે પરંતુ તેમની બોડી લેંગ્વેજ એવુ દર્શાવે છે કે સતત મુડમાં રહેતા વિજયભાઈ રૂપાણી છએલ્લા કેટલાક દિવસથી કંઈક ગડમથલમાં છે. સ્વાભાવિક છે કે રાજ્યમાં વધતા જતા કોરોના સંક્રમણથી ચિંતિત હોય પરંતુ તેઓ હંમેશા વ્યસ્ત અને મસ્ત રહેવા ટેવાયેલા છે. એટલે તેમનો ઓછો મુડ ઉડીને આંખે વળગે છે.

**● કોંગ્રેસ ક્વોરન્ટાઈન**

રાજ્યસભાના ઉમેદવાર અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતા સમગ્ર કોંગ્રેસ ટેન્શનમાં મુકાઈ ગઈ છે. કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અને નવ નિર્વાચિત સાંસદ શક્તિસિંહ ગોહીલે બિહારનો પ્રવાસ ટુંકાવી દિલ્હીમાં હોમ ક્વોરોન્ટાઈન થયા છે. જ્યારે ધારાસભ્ય સર્વ હિંમતસિંહ પટેલ, સી.જી. ચાવડા સહિત તેર જેટલા ધારાસભ્યો હોમ ક્વોરોન્ટાઈન થયા છે. પ્રદેશ કોંગ્રેસના હોદ્દેદારો સહિત વિરોધ પક્ષના કાર્યાલયના કર્મચારીઓ એક બાદ એક હોમ ક્વોરોન્ટાઈન થઈ રહ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી એસ. મુરલી ક્રિષ્ણન અને ચૂંટણી અધિકારી ચેતન પંડ્યા પણ હોમ ક્વોરોન્ટાઈન થયા છે.

**● અને છેલ્લે...**

ગાંધીનગર સહિત રાજ્યમાં અનલોક-૧ બાદ પણ બજારમાં ઘરાકી નથી. વેપારીઓના જણાવ્યા અનુસાર ૨૦ ટકાથી વધારે હજુ વેપાર થતો નથી પગાર અને લાઈટ બીલો પણ નીકળતા નથી. આવનાર દિવસોનુ ચિત્ર કેવુ બિહામણુ બનશે એની ચર્ચાઓ ચિંતા જગાવે છે.

# પંચદેવનું પરિસર જયઘોષથી ગાજી ઉઠ્યુ

**ભગવાન જગન્નાથજીના દિવ્ય રથથી મંદિર પરિસરમાં ઓજસ પથરાયુ : શહેરમાં કોરોનાના કહેરથી બચવા માટે ૩૬ મા રથયાત્રા મહોત્સવની પ્રતિકાત્મક ઉજવણી : જય રણછોડ.. માખણચોર..ના જયઘોષ વચ્ચે ભાવિકો ભકિતરસમાં તરબોળ થયા**

**ભગવાનની રથયાત્રા મંદિર પરિસરમાંથી બહાર નિકળી બીજા ગેટ પરથી અંદર પ્રવેશી : થોડીવાર ભાવિકો ગરબે ઘુમ્યા : જયરણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે વાતાવરણ ભકિતમય બન્યુ : ભગવાન જગન્નાથજી મહામારીનો ખાતમો કરો : ભાવિકો : દિવસ દરમિયાન સોશિયલ ડીસ્ટન્સીંગ અને માસ્ક સાથે ભાવિકોએ ભગવાનના દિવ્ય રથના દર્શન કરી ધન્યતા અનુભવી**







### નિયમોના પાલન સાથે રથયાત્રાનુ આયોજન કરાયુ : દિનેશ કાપડીયા

ગાંધીનગરમાં ૧૯૮૫ થી રથયાત્રાનુ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કોરોનાની મહામારીને ધ્યાને લઈ પ્રતિકાત્મક રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રવર્તમાન સંકટના સંજોગોને ધ્યાને રાખી સરકારના નિયમોનુ પાલન થાય તે મુજબ રથયાત્રાનુ આયોજન કરાયુ છે. આ ૩૬ મી રથયાત્રા છે. તબીબી વિજ્ઞાનના પ્રોટોકોલનુ ઉલ્લંઘન ન થાય તેનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. તેમ પણ રથયાત્રા સમિતિના અધ્યક્ષ દિનેશ કાપડિયાએ જણાંવ્યુ હતુ.

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં આજે ૩૬ માં રથયાત્રા મહોત્સવની પ્રતિકાત્મક ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથજીના દિવ્ય રથનુ સવારે ૭ કલાકે આરતી અને પુજાવિધી બાદ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. વહેલી સવારે દિવ્ય રથમાં સુશોભિત ભગવાન જગન્નાથજી , બહેન સુભદ્રા અને બલરામજીના ભાવિકોએ મોઢા પર માસ્ક પહેરીને સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે દર્શન કર્યા હતા. મંદિર પરિસરના પરિભ્રમણ દરમિયાન ભાવિકો જય રણછોડ .. માખણચોરના જયઘોષ સાથે ગરબો ઘુમ્યા હતા. દિવસ દરમિયાન ભાવિકોએ મંદિર પરિસરમાં જગન્નાથજીના દર્શન કર્યા હતા.

ગાંધીનગરમાં આજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા સવારે ૭ કલાકે આરતીના અંતે પ્રસ્થાન થયુ હતુ. સે-૨૨ પંચદેવ મંદિરના પરિસરમાં ભગવાનની પુજાવિધી અને આરતી બાદ જય રણછોડ ...માખણચોરના જયઘોષ વચ્ચે ભગવાનનો રથ આગળ વધ્યો હતો. પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ તેમજ રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા, નગરના અગ્રણી અરૂણ બુચ , પુર્વ મેયર પ્રવિણ પટેલ, નિશિત વ્યાસ, વેપારી અગ્રણી કાલીદાસ પટેલ, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ સહીત નગરના આગેવાનો તેમજ ભાવિકો પણ ભગવાનની પુજાવિધી દરમિયાન હાજર રહ્યા હતા. કોરોનાના કહેર વચ્ચે નગરની ૩૬ મી રથયાત્રા પ્રથમવાર મંદિર પરિસરમાં જ આગળ વધી હતી. ભગવાન જગન્નાથજી , ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીની દિવ્ય મુર્તિ પણ વિશેષ શણગારમાં જોવા મળી હતી. ભગવાનનો રથ પણ અત્યંત સુશોભિત જોવા મળ્યો હતો.જય રણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે ભાવિકોએ સુત્રોચ્ચાર કરી વાતાવરણને દિવ્ય બનાવ્યુ હતુ. પંચદેવ મંદિરના પરિસરમાં આરતી અને પુજાવિધી બાદ ભગવાનનો સુશોભિત રથ પંચદેવ યુવક મંડળના યુવાનોએ આગળ

● અનુસંધાન પાન-૭ પર

### ભગવાને મીઠો દંડ કર્યો પરંતુ સંસ્કૃતિના મુલ્યનુ પાલન કરીએ તો સુખી થઈશુ : ફુલશંકર શાસ્ત્રીજી

આજે ૩૬ મી રથયાત્રા છે વૈશ્વિક આપત્તિ કે લાભ દરેક રાષ્ટ્રને લાગુ પડે છે. તેમ વૈશ્વિક નિયમ પણ દરેકને લાગુ પડે છે. આપણુ શાસન , પોલીસ ખાતુ, આપણો સમાજ બધાને સમન્વય કરી નગરમાં રથયાત્રાનુ સંચાલન કર્ય ધાર્મિક પક્ષ ઉપાસના આરાધનના રૂપમા ંજે રથયાત્રાનુ મહત્વ છે. વિધિ વિધાન સાથે મહોત્સવનુ કાર્ય કર્યુ છે .તેમાં કોઈ કસર રાખી નથી પરંતુ જનતાના આરોગ્યને ધ્યાને લઈ સરકારના નિયમનુ પાલન કર્યુ છે. કોઈની સાથે ઘર્ષણમા ંઉતર્યા નથી એકાદ કિલોમીટર આગળ જઈએ તો બહુ ફેર પડતો નથી પ્રતિકાત્મક કરી પણ કોઈ ન્યુન્તા રહી નથી. કોરાનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. ત્યારે ભગવાન જગન્નાથ જગતનો નાથ છે. બાળકો તોફાન બહુ કરતા હોય તેમ માતા પિતા કે ગૃહપતિ શિક્ષા કરે તેવો મીઠો દંડ વિશ્વ અને દેશને આપ્યો છે. પરંતુ જગન્નાથ ભારતમાં જ બીરાજે છે માટે બહુ દંડ કર્યો નથી. નાગરિકોએ સાવચેતી રાખવાની જરૂર છે. પ્રકૃતિનુ શોષણ ન થાય પાણીનો બગાડ ન થાય તેનો ઉપયોગ ઘી ની જેમ થાય આપણા ઋષિમુનિઓએ આપેલી સંસ્કૃતિ મુજબ મુલ્યોનુ પાલન કરીએ તો જરૂર સુખી થઈએ. આ દેશના ઋષિઓ પાસેથી પૃથ્વીના દરેક માનવો જીવન કેમ જીવવુ તે શીખ્યા છે.ગાંધીનગરની રથયાત્રા ૧૯૮૫ માં રથયાત્રા શરૂ થઈ અમદાવાદની રથયાત્રા પર પ્રતિબંધ મુકાયો ત્યારે શરૂ થઈ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ એકત્રિત થઈ વિચાર કર્યો વિશ્વ હીન્દુ પરિષદના કાર્યકરોએ રથયાત્રા ભાવિકોની આસ્થાને ધ્યાને લઈ શરૂ કરાયુ આ વેળાએ સામસામે તલવાર તાણીને બેઠેલા બે પક્ષો રથયાત્રામાં જોડાયા કોમી એકલાસ અને ભાઈચારાનુ પ્રતિક બની પહેલી રથયાત્રા ઉંટલારીમાં નિકળી હતી.

## મનપા સ્થાયી સમિતિએ સરકારનો આભાર માન્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ હદ વધારવાની દરખાસ્તનો સરકારે કરેલ સ્વીકાર માટે આભાર માનતો પ્રસ્તાવ પસાર કર્યો છે.

આજે મળેલ સ્થાયી સમિતિએ શહેરના વિવિધ માર્ગોના રિપેરીંગ માટે રૂ. ૧૦ કરોડ પાટનગર યોજના વિભાગને હસ્તક મુકવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત આજે સ્થાયી સમિતિએ રખડતા પશુઓ પકડવા માટેની એજન્સીને પણ નિયત કરી અને તેને પશુ દીઠ રૂ. ૨૧૦૦ ચુકવવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ બેઠક ગણતરીની મિનિટોમાં જ પૂર્ણ થઈ ગઈ હતી.

# ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ કેસ નોંધાયા

**કલોલમાં ૮, ગાંધીનગરમાં ૮, દહેગામમાંથી બે કેસ મળ્યા : ૧૦ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૮ કેસ નોંધાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા જે ઝડપથી વધી રહેલ છે તેને લઈ તંત્રમાં ચિંતાની લાગણી ઘેરી બની છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગર તાલુકામાં ૮, કલોલમાં ૮ અને દહેગામમાં ૨ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રએ હવે ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ અનલોક-૧ ના નિયમોના કડક અમલીકરણની વ્યુહરચના અપનાવવાનો નિર્ણય કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાંથી આજે બે કેસ મળી આવેલ છે. જેમાં એક ૭ વર્ષના શિશુનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

તંત્ર દ્વારા આ મળી આવેલ દર્દીને ત્યાં જરૂરી કામગીરી હાથ ધરી દીધી હોવાનું જાણવા મળેલ છે. કલોલ તાલુકામાંથી પણ આજે ૮ કેસ મળી આવ્યા છે. જેમાં સોજા ગામેથી એક ૪ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સાત કેસ કલોલ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા ૮ કેસમાં ૪ ખાનગી ટેસ્ટમાં પોઝીટીવ જણાવાયા છે તો ૪ કેસ સરકારી રિપોર્ટમાં પોઝીટીવ આવ્યા છે.

આજે મળી આવેલા આ ૮ કેસ પૈકી બે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે છ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોટેશ્વરમાંથી બે, કુડાસણમાંથી ૨, અડાલજ, ભાટ, રાયસણ અને ડભોડામાંથી ૧-૧ કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ડભોડામાં બેંક મિત્ર તરીકે કામગીરી કરતી એક યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

રાયસણમાંથી મળી આવેલ ૬૭ વર્ષીય પુરૂષ દર્દી જે દરરોજ માર્કેટમાં ખરીદી માટે જતા હોવાનું જાણવા મળેલ છે.

કુડાસણમાંથી એક ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે સેવાઓ આપે છે.

૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. જે દર્દી સિક્યોરીટીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

કોટેશ્વરમાં ૫૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા ક્યાંય બહાર ગઈ નથી તેવુ પ્રાથમિક તપાસમાં તંત્રને જણાવતાં આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તેને લઈ તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત કોટેશ્વરમાંથી જ એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રએ પણ આ વૃદ્ધ કેવી રીતે સંક્રમિત થયા તે અંગે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૩૪૧૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ૮ પુરૂષ અને ૨ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં હાલ ૧૪ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જેમાં સૌથી વધુ કલોલ તાલુકામાં છે.

# શહેરમાં વધુ ૩ કેસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૮૯ પર પહોંચી છે.

આજે સે. ૨૧, સે. ૬ અને જીઈબી કોલોની વિસ્તારમાંથી આ કેસો મળ્યા છે. આ ત્રણેય પુરૂષ દર્દી છે. મળતી વિગતો પ્રમાણે સે. ૨૧ માંથી એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીના પરિવારમાં ત્રણ વ્યક્તીઓ છે જેમને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. હાલ આ દર્દી ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

**સે. ૨૧, સે. ૬ અને જીઈબી કોલોનીમાંથી કેસ મળ્યા : એક ખાનગી હોસ્પિટલમાં એક સિવિલમાં તો એક હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ**

સે. ૬ માં એક સરકારી કોન્ટ્રાક્ટરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૨ વર્ષીય આ કોન્ટ્રાક્ટરના પરિવારના બન્ને સભ્યોને ક્વોરોન્ટાઈન કરાયા છે.

મળતી વિગતો પ્રમાણે આ કોન્ટ્રાક્ટરે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્ર દ્વારા તેને મંજૂરી આપવામાં આવી છે.

શહેરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાંથી વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળી આવ્યો છે. તકનીકી ઈજનેર તરીકે સેવાઓ આપતા ૫૮ વર્ષીય આ ઈજનેરને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગઈકાલે મોડી રાત્રે પણ સૂર્યનારાયણ સોસાયટીમાંથી એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ યુવાન સંક્રમિત પરિવારનો સભ્ય હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના નિવાસસ્થાન અને આસપાસના રહેઠાણોમાં સેનીટાઈઝેશન સહિત સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે. તંત્ર દ્વારા માઈક્રો કન્ટેનમેન્ટ જોન જાહેર કરવાની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે. જો કે મોટા ભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયા હોવાનું તંત્ર કહી રહ્યું છે.

## વડાપ્રધાન મોદીએ અષાઢી બીજ અને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી



ગાંધીનગર,તા.૨૩

આજે સમગ્ર દેશ હર્ષોઉલ્લાસથી અષાઢી બીજની ઉજવણી કરી રહ્યો છે. અષાઢી બીજ ધ્યાને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને લોકોને શુભેચ્છા આપી છે. આજે જ કચ્છી નવું વર્ષ ઉજવાતું હોવાથી પીએમ મોદીએ કચ્છી ભાષામાં ટ્વિટ કરીને કચ્છવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. આ ઉપરાંત, ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદની ૧૪૩મી રથયાત્રા માટે શુભેચ્છાઓ પાઠવી છે. વડાપ્રધાને ટ્વિટ કરીને લખ્યું છે કે, અષાઢી બીજના પાવન પ્રસંગે કચ્છી સમુદાયને શુભેચ્છા પાઠવું છું. કચ્છી સમુદાય મહાન સંસ્કૃતિ અને વીરતા માટે જાણીતી છે. આગામી વર્ષ આનંદ અને સારું આરોગ્ય લઈને આવે તેવી હું કામના કરું છું.

વડાપ્રધાને આ ઉપરાંત અન્ય એક ટ્વિટ કચ્છીમાં કર્યું છે. તેમાં કચ્છના સાંસ્કૃતિક વારસા અને અને વીરતાની વાત રજૂ કરવામાં આવી છે.

તેમણે પણ ટ્વિટ કરીને શુભેચ્છા આપવા ઉપરાંત ભગવાન જગન્નાથ કોરોનાની મહામારીથી મુક્ત કરે તેવી કામના કરી હતી.

**જિલ્લામાં ફરી એકવાર**

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ લાયઝન અધિકારીઓની નિમણુંક કરવામાં આવી

**ગ્રામીણ વિસ્તારોમાં સંક્રમણને નાથવા તંત્ર દ્વારા જન-જાગૃતિ અભિયાન તેમજ કડક અમલીકરણનો સંદેશ આપવાની દિશામાં પગલુ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોના સંક્રમણના કેસોને નિયંત્રિત કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીએ ૨૫ જેટલા અધિકારીઓને પ્રા.આ. કેન્દ્ર દીઠ જવાબદારી સોંપી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા આ ખાસ હુકમો કરવામાં આવ્યા છે અને અધિકારીઓને માટે એક ફોર્મ પણ તૈયાર કરી આપવામાં આવ્યુ છે જેમાં તેમની વિઝીટ દરમ્યાન શું શું ત્રુટીઓ તેમને જણાઈ.

ગ્રામીણ વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થાય છે કે કેમ? સેનીટાઈઝેશનમાં દવાનો છંટકાવ નિયમિત થાય છે કે કેમ ? ગામમાં કેટલા કેસો નોંધાયા ? ક્વોરોન્ટાઈનના કાયદાનો અમલ થાય છે કે નહિ તે સહિતની વિગતો સાથે અહેવાલ આપવાનો છે. આ તૈયાર કરાયેલ ખાસ ફોર્મમાં ચોમાસાની ઋતુને લઈ પણ કેટલાક મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે જેવા કે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય તો સ્થળાંતરની કામગીરી અંગે કરાયેલ વ્યવસ્થા સહિતની બાબતનો સમાવેશ થાય છે. આજે તેમણે શાખાધિકારીઓની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા કરી હતી અને રિપોર્ટ સીધો તેમના કાર્યાલયને આપવા જણાવાયુ હતુ. આ રિપોર્ટના મોનીટરીંગની જવાબદારી પણ નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને સોંપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે જનજાગૃતિ અભિયાન પણ ગ્રામ્યકક્ષાએ હાથ ધરવામાં આવે એટલુ જ નહિ અનલોક-૧ ના નિયમોનું ચુસ્તતાથી પાલન ન થતુ હોય તો દંડનીય કાર્યવાહી પંચાયત દ્વારા કરાઈ છે કે નહિ તેની વિગતો સાથેનો અહેવાલ આપવા જણાવાયુ છે.

તંત્ર દ્વારા કોરોના સંક્રમણને નાથવા માટે હજુ પણ આકરા પગલાં વિચારાધીન હોવાનું જાણવા મળેલ છે. તેમણે ગ્રામીણ વિસ્તારમાં સફાઈ અભિયાન અંગે પણ અહેવાલમાં વિગતો આપવા વિશેષ ભાર મુક્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com